## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

### સલામી સવારની..

બેઠા ન ફૂરસદે ખૂરશીમાં, ખડે પગે છે!
ભલે સાચી કે ખોટી પણ એની ચર્ચા જગે છે!
ડગે છે વિશ્વાસ હવે વિરોધનો એની સામે -
હવા હોય કે ન હોય એનો પતંગ ચગે છે..
(મોદી - સંક્રાંત)

### હાઈકુ

કાચી દોરીના,
કપાઇ ગ્યા પેચમાં
પતંગ બધા..

મળતા નથી
એ આકાશમાં કયાંય -
ખોવાઇ ગયા..

### ચિંતન

કહત કઠિન, સમુઝત કઠિન સાધત કઠિન બિબેક ।
હોઇ ધુનાચ્છર ન્યાય જો યુનિ પ્રત્યુહ અનેક ॥

દોહા - ૧૧૮/(૨)

ગ્યાન પંથ કૃપાન કૈ ધારા પરત ખક્ષેસ હોઇ નહિ બારા ॥

ચોપાઇ - ૧૧૮/૧

'જ્ઞાન એ આત્મપ્રકાશ છે, દિવ્યજ્ઞાન ને કહેવું તેમજ સમજાવવું અતિ કઠિન છે તેની સાધના સાધન પણ કઠીન છે, છતાં ય આ જ્ઞાન જેને થાય છે તેને તદ્દન આકસ્મિક રીતે-આપોઆપ સ્વયં-અંદરથી જ થઇ જાય છે, જ્ઞાન થયા પછી પણ તેને સાચવી રાખવું, પણ ખૂબ કઠીન છે. જ્ઞાન હોવા છતાં કયારે પતન થઇ જાય, એનું નક્કી નહીં (૧)

એથી જ ચોપાઇમાં કહ્યું છે કે જ્ઞાનનો પંથ કટાર જેવો છે બે ધારી કટાર (બંને બાજુથી નૂકશાન કરે તેવી) એ માર્ગે જતાં પતન થતાં પણ વાર નથી લાગતી.'

રાવણ પણ જ્ઞાની-પંડિત-વિદ્વાન-બ્રાહ્મણ હતો. આવા જ્ઞાનીને પણ કુમતિ થઇ અને લપસી પડ્યો. 'જ્ઞાન' હોવા છતાં પન મન તમને કયારે 'લીલ'વાળી ભૂમિ પર ખેંચી જાય એ કંઇ જ કહેવાય નહીં. ચાલનારને ખબર હોય છે કે સેવાળ પર ચાલવાથી પડી જવાય છતાં 'સંભાળી'ને ચાલીશ એવા અજ્ઞાન સાથે મન તેને ખેંચી જાય છે. દુર્યોધન પણ જ્ઞાની હતો, છતાં તેનું પતન થયું.

'ક્ષુરસ્યધારા નિશિતા દૂરત્યથા દુર્ગમ્પથસત્કવચો વદન્તિ ॥' કઠોરનિષદ ઉપનિષદનો (૩/૧૪)નો આ શ્લોક પણ આ વાતને જ પુષ્ટિ આપતાં કહે છે, જ્ઞાન માર્ગ તલવારની ધાર જેવો છે.

વ્યવહારમાં આપણે પણ સાચું-ખોટું-કાયદો-ન્યાય સજા બાબત જાણીએ છીએ છતાં કાયદાઓનો ભંગ કરીએ જ છીએ ને? સત્યપથ-જ્ઞાન માર્ગ પણ ચાલવું મુશ્કેલ છે.

### સુવિચાર

- પ્રસન્નતામાં જ સ્વાસ્થ્ય છે, ગમગીનપણું ખૂદ જ રોગ છે - ગેટે
- જે સ્વાસ્થ્યથી સ્વસ્થ છે તે જ આશાવંત છે આશાવંત જ જીવન છે - શેખ સાદી
- લોકો બાહ્ય ટાપટીપથી સુંદર દેખાવાના પ્રયત્ન કરે છે એટલા અંદરના સ્વાસ્થ્ય માટેની ચિંતા નથી કરતા - એસ. ભટાચાર્ય
- ટીકા-નિંદાથી બચવાનો એક સરળ ઉપાય છે, પોતાની જાતને-સ્વયંને સુધારવાનો - ડિમોસ્થનીશ
- સૌથી પહેલું સુખ સ્વાસ્થ્યમાં છે - વિલિયમ કર્ટિસ
- અન્યને આપેલું સુખ એ જ આપણને વધુ સુખ આપે છે - ડૂમા
- સુખ સર્વત્ર વિધમાન છે પણ તેનું સ્ત્રોત આપણું હૃદય છે - રસ્કિન

### બોધ કથા

આજકાલના સંતો-મહંતો-બાપુઓ મોટા વિશાલ બંગલા જેવા આશ્રમો બનાવે અને પોતાની જીવનભરની સુરક્ષાની ચિંતા કરે છે. આશ્રમની મોટી મૂડી ઊભી કરે છે. ત્યાગ કરીને સાધુ થયેલા નવો 'સંસાર' ઉભો કરે, સાધુ-સંત તેને કહેવાય જે ઇશ્વરની શ્રદ્ધા અને વિશ્વાસને સમર્પિત હોય બપોરનો રોટલો મળ્યો હોય તો રાતના રોટલાની ચિંતા ન કરે, એને કહેવાય ભગવાનનો ભરોસો.

ભારતભરમાં મધર ટેરેસાની સેવા માટે બાસઠ સસ્થાઓ છે તેના સંચાલન માટે નાણાંની તો જરૂર પડે જ ને? પણ એમની પાસે કોઇ મોટું ભંડોળ જ નહીં, કોઇ મિલ્કત નહીં, બેન્કમાં ખાતું નહીં. પણ ભગવાન પર પૂરો ભરોસો, રોજ જે જોઇએ તે મળી રહે, એની ચિંતા કરવાની જ નહીં. ભંડાર ભરવાના જ નહીં, બચત-બેન્ક, ફીક્સ રોકાણો કંઇ જ નહીં.

મધર ટેરેસા એકવાર અમદાવાદ આવ્યા. એક ગૃહસ્થે એમને મોટા દાનની ઓફર કરી. મધરે કહ્યું, 'અમારો રોજનો ખર્ચ મળી રહે છે, અમને દાનની જરૂર નથી.'

બીજી એક ઘટના.

મધર ટેરેસાએ એકવાર ઇશ્વર કૃપાનું વર્ણન કરતાં કહ્યું : એક દિવસ સંસ્થામાં ભોજન માટે અનાજ ઓછું હતું. દર્દીઓને તો જેમતેમ જમાડ્યા અને સિસ્ટરો અને સ્ટાફ ભૂખ્યો રહ્યો. ત્યાં એક રિક્ષા આવી અને સાથે આવેલી સ્ત્રીએ કહ્યું, એક ભોજન સમારંભ રદ થતાં રસોઇ વધી પડી, આશ્રમ માટે લાવી છું.'


ઇશ્વરની કૃપા આવી રીતે વરસતી હોય છે.

# કળીના ફૂટવાનો અવાજ સાંભળવાની શ્રવણ શીલતાની થોડી સોનોગ્રાફી કવિતામાં પકડવાની મથામણ

### શબ્દ સમીપે
- નટવર હેડાઉ

માનવ હૃદય સાથે, માનવ જીવન સાથે તેમજ સમગ્ર માનવસૃષ્ટિ સાથે સતત સંકળાયેલો રહેતો સંવેદનશીલ સર્જક પોતાના આંતર સંવેદનાને અભિવ્યક્ત કર્યા સિવાય રહી શકતો નથી. તેમજ જીવનને સ્પર્શતી અભિવ્યક્તિનો પણ સમાવેશ કરવા તાત્પર્ય દાખવે છે.

ઉપરોક્ત વિધાન કવિ ભાગ્યેશ જહાને બિલકુલ લાગુ પડે છે. તેમનાં બીજા કાવ્યસંગ્રહ 'મીરાંની જેમ મને મળજો'ના પ્રાગ્ટયટાણે પોતાના આત્મનિવેદનમાં કવિ ખુદ કહે છે કે 'મળવું' એટલે વળવું એટલે કળવું એટલે ઓગળવું' તેમને મન કવિતા આમ જુઓ તો કેરી પણ છે અને પુષ્પ પણ. મૂળે તો મનુષ્યના પ્રવાહિત ચેતનામાંથી પવાલું ભરીને આણેલું ભાવ જળ છે. આ પવાલું કયારે કઇ ધાતુનું બનેલું છે તે કવિતાના સત્વને પ્રગટ કરે છે. કયારે પવાલાને બદલે ખોબો અંજલિ પણ કવિને એના ચૈતન્યની સાથે સ્પર્શ કરાવી આપે છે. કવિતાનું પોત અને રીતે અંદર ચાલતા પ્રવાહનું ભાષાવસ્ત્ર છે. જે કયારેય ખળભળાટ, કયારેક લહેરનું લયગીત કયારેક પવન-પાણીની જુગલબંધીના છાંટા તો કયારેક મૌનને વ્યક્ત કરતું વણાટકામ હોય છે. પણ આની અનિવાર્ય શરત તે તો અંદરના પ્રવાહની છે. આ પ્રવાહના અસ્તિત્વને કવિએ સાહેદી આપવાની હોય છે. આ એક નદી કિનારે ઉભેલાં આગંતુકની અનુભૂતિ નથી. નદી હોવાની - નદીના ભાગ હોવાની સાર્થકતાના અહેસાસની આનંદ ક્ષણ છે. આમાં કવિ ખુદને મળે છે અને પાછા વળીને 'વળવાની' ઘટનાને જુએ છે ત્યારે દિવાલ પરથી પોપડા ઉખડે એ રીતે આવરણોને ઉખડી પડતા અનુભવે છે. તેથી જ તેઓ કહે છે કે સત્યની આરાધના તો ચાલતી રહેશે પણ સત્યાભાસની ઓગળતી ધૂમ્ર દિવાલ કોઈ જુદો જ આનંદ આપે છે. જેમાં અસ્તિત્વને ઓગળતું જોઈ શકાય એવો અનુભવ જે શબ્દ સુધી આવવાની આનાકાની કરે છે. પણ કયારેક વહેલી સવારે આવતો, દરિયા કિનારેથી આવતો હોય તેવો, તોફાની અને ગાયક પવન કવિને તેનામાં ઝબકોરે છે. તો કોઈ વખત હિમાલયમાં જોયેલા એક અજાણી કેડીને કેડે ઉગેલા એક બળવાન પણ બેફિકરા ફૂલની રંગોળી કવિના મનનો કબજો લઈ લે છે. ૯/૧૧ના એ ધુમાડા ભર્યા આકાશ અને ધરતીકંપની તિરાડો એ એકવીસમી સદીના છોડની રોપણી કરી છે. જમાનો કરવટ બદલતો હોય તેનો અવાજ છાપામાં અને છાપરે સંભળાય છે. યુગ પછડાટો અને પાતળા પડી ગયેલાં મનુષ્યત્વના પોતને સમજવાની મથામણ રાતદિવસ ચાલ્યા કરે છે. એક તરફ મનુષ્ય જાગતિક ખળભળાટના અર્થઘટન માટે તલસાટ અનુભવે છે તો બીજી તરફ મનુષ્યની પોતાની ઓળખથી માંડીને સંબંધોને નહીં સમજી શકવાની વધતી જતી અશક્તિથી અનુભવાતી અજાણી અકળામણથી તનાવગ્રસ્ત રહે છે. આ પરિસ્થિતિ એકંદરે સંનિપાત સર્જતી હોવા છતાં સર્જકતા માટે ઉપકારક પૂરૂં પાડે છે.




'મીરાંની જેમ મને મળજો' કાવ્ય સંગ્રહના શિર્ષક અંગે કવિ કહે છે કે 'આ સંગ્રહનું શિર્ષક આખા સંગ્રહમાં અને સમયખંડ પર પથરાયેલું છે. ચિત્તોડગઢમાં વહેલી સવારે રાજમહેલના કાંગરે ચાલવા જતાં ઈતિહાસ કવિની સાથે ચાલ્યો અને પછી મીરાંનો સંગ જામ્યો. ઉઘડતી સવારે ચાલતાં ચાલતાં મહેલ અને ઈતિહાસની સાથે એક મીરાંપણુ ચાલ્યું. સવારના પવન પર સવાર થઈ આવતો ઈતિહાસ જૌહરની ઘટનાની ચીસાચીસની સૂકાઈ ગયેલી ઝાડી, ઝેર ભેળવતી આંગળીઓનો નિષ્કંપ ચહેરો, કોઈ અંતેવાસીના ઘરના ઓટલે ઢોળાઈ ગયેલો સૂરજ કવિને જુદા જ લોકમાં જગવી ગયો. અને મીરાં મંદિરની પરસાળમાં કૃષ્ણે દીધેલું નિમંત્રણ 'મીરાંની જેમ મને મળજો' કવિના ઉરતંત્રને રણઝણાવી ગયું.'

'મીરાંની જેમ મને મળજો' કાવ્ય સંગ્રહ બે ભાગમાં છે. ગીત-વિથિકા અને શબ્દ પર્વ. કાવ્ય સંગ્રહની પ્રસ્તાવના કવિ સુરેશ દલાલની જ છે. તેમાં તેઓ કહે છે કે - ચૂપચાપ હુંફ આપે તેવું તેમનું કવિ કર્મ છે. સમયના સતત ટ્રાફિક જામની વચ્ચેથી એમનું કાવ્યારોહણ કોઈ પણ પ્રકારની ઈજા વગર છલાંગ મારતું કોઈને કોઈ રીતે પોતાનો રસ્તો શોધી લે છે. શબ્દપર્વની અછાંદસ રચનાઓમાં પણ કયાંક ગીત તો છે જ. કોઈ પણ કવિની કસોટી એનું ગીત છે. ગીતમાં આયાસ હોય છતાં દેખાવો ન જોઈએ. બધું અનાયાસે પ્રગટ થતું હોય એવી ભાવકને પ્રતીતિ આપવાની હોય છે. ડાળ પર અચાનક પંખી આવતું હોય એવી રીતે એમને ગીતની પંક્તિ સૂઝે છે એ હળવી કલમે લખે છે. કવિ લય તાલને સાંભળીને કાવ્યના અર્થનું પૂરેપુરૂં જતન કરે છે. કવિતા અને કાવ્યસંગ્રહ એનું મૂલ્ય એ બરાબર સમજે છે. એમને મન એક કાવ્યસંગ્રહનું પ્રગટવું એટલે શું એ એમના જ શબ્દોમાં જોઈએ કવિ કહે છે કે -

એક કાવ્યસંગ્રહનું પ્રગટવું
એટલે,
બોમ્બને બદલે કળીના ફૂટવાનો
અવાજ સાંભળવો,
એક કાવ્ય સંગ્રહ પ્રગટે છે
ત્યારે
મારી ભાષાનો તડકો તમને
ચૂપચાપ હૂંફ આપે છે.

કવિને મન કવિતા એટલે છાપામાં ગૂંગળાઈ ઉઠેલી બારાખડી નહીં. એ શબ્દવેધના કવિ છે. કવિની વેદના અને સંવેદના ધારદાર છે. નાની અમથી સોય પણ આપણને ભાલાની જેમ ભોંકાઈ શકે એવી સમ સંવેદના આપણામાં જાગૃત કરી શકે છે તેથી જ 'મુંબઈ બોમ્બ બ્લાસ્ટના ઈજાગ્રસ્તની એકોક્તિ'નાં અંતે કવિ કહે છે કે -

'અને
છેલ્લે
એક વિનંતી છે સાહેબ,
પેલા વૉર્ડ બૉય કહેજો ને, કે
સવારે ચા આપે પણ સાથે છાપું ન આપે.'

એમની કવિતામાં નગર જીવનની કથા વ્યથા છે. અછાંદસમાં એમની કલમ રેલાય-ફેલાય છે.

સૂરજ ખોડંગાતો જાગે છે.

દસ સાડા દસના ડંકા પહેરીને માણસ અને વાહન ભાગદોડ કરતાં હોય છે.

મોરપિંચ્છનું છોગુ પહેલી ઈ-મેઈલથી એડ્રેસ હાંફે છે.

ગુજરાત પ્રશસ્તિના કાવ્ય તો ઘણાં લખાયાં છે. પણ 'ગુજરાત તને અભિનંદન' એ જુદું પડી જાય એવું છે, તો વળી, એમનાં અનેક કાવ્યોની કેટલીક પંક્તિઓ આપણને આરપાર વીંધે છે. જેમ કે ગુજરાત વિષે જેમ તેમ બોલતાં લોકો વિશે કવિ કહે છે કે -

ચાર કલાક ગુજરાત જઈને લેખ લખીને લાવ્યો છું,
સાવ ઉછીનું અંધારૂં લઈ, પડછાયો લઈ આવ્યો છું.

કવિનું 'એક સંદેશ શ્યામને' કાવ્ય તેમનાં કંઠે પણ સાંભળ્યું છે. મને ખુબ ગમ્યું છે. તમને પણ ગમશે તેથી તેની પંક્તિઓ અહીં મુકી આપવાનો લોભ જતો કરી શકતો નથી કવિ કહે છે કે -

એસ.એમ.એસ. કરવાનું બંધ કરો શ્યામ,
હવે રૂબરૂમાં આવવાનું રાખો,
વૃંદાવન મથુરાતો રોમ રોમ જાગ્યા છે
મોરલી મોબાઈલ જેવી રાખો.

'મીરાંની જેમ મને મળજો' કાવ્ય સંગ્રહના કવિ ભાગ્યેશ વાસુદેવ જહાનો જન્મ ૧૮-૨-૧૯૫૫માં ગાંધીનગર જિલ્લાના નારદીપુર ખાતે થયેલો છે. બી.એ. (સંસ્કૃત), ડિપ્લોમાં ઈન ટ્રેનિંગ એન્ડ ડેવલોપમેન્ટ (માન્ચેસ્ટર, યુકે) ઈન્ટરનેશનલ મેનેજમેન્ટ (યુ.એસ.ડી.એ. ગેજ્યુએટ સ્કૂલ વૉશિંગ્ટન), આઈ.એ.એસ.અધિકારી તરીકે ગુજરાત સરકારમાં સેવાઓ આપે છે. આ તેમનો બીજો કાવ્ય સંગ્રહ છે. પહેલો કાવ્ય સંગ્રહ 'પહાડ ઓળગતા રહ્યા' અગાઉ પ્રગટ થઈ ચૂક્યો છે. આમ છતાં નોકરીમાં હંમેશા સમયની ખેંચતાણ રહ્યા કરે એવી વિકટ પરિસ્થિતિમાં સમયના સતત ટ્રાફિક જામ વચ્ચે એમનું કાવ્યારોહણ અભિનંદનને પાત્ર છે. આવો આપણે સૌ તેને આવકારીએ.

**મીરાંની જેમ મને મળજો (કાવ્યસંગ્રહ)**
**કવિ : ભાગ્યેશ જહા**
**પ્રકાશક - નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ**
**કિંમત : રૂા. ૧૨૫, પાનાં - ૮૭, પ્રથમ આવૃત્તિ - ૨૦૧૧**

# એક તો પોતાને એવા બનાવો કે જેને સાચા અર્થમાં માણસ કહી શકાય, બીજાઓ સામે આપણે એવા ઉત્તમ ઉદાહરણ રૂપે રજૂ થવું જોઇએ કે આપણે જોઇને બીજા લોકોને દિશા મળે

### હું રસ્તે રઝળતી વારતા
- અચના કમલેશ

આપણે નસીબદાર છીએ કે આપણને માનવજાત તરીકે જન્મવાનો મોકો મળ્યો છે. આ ઉપરથી આપણે એટલું તો ચોક્કસ કહી શકીએ કે ભગવાન આપણને મનુષ્ય જન્મ આપીને પહેલી પરીક્ષા લીધી છે. આ મનુષ્ય જન્મમાં આપણે પાસ થઈશું કે નાપાસ. એ તો સમય જ બતાવશે. આપણે સવારે જયારે જાગીએ છીએ ત્યારે એક નવો જન્મ મળ્યોછે એવો મનુભવ કરીએ છીએ. આ ધરતી ઉપર મનુષ્ય રૂપમાં જન્મ લીધા પછી આપણી એક જ ફરજ છે આ જન્મ સારામાં સારા કામ કરી સમાજને કંઈ સારી દિશામાં લઈ જઈએ. ભગવાન આપણી પાસે એટલી જ અપેક્ષા રાખે છે. ભગવાન કયારેક એવું નથી કિધું કે તે મારી પૂજા કરો, ભજન કરો, મને વિનંતી કરો, મારી મૂર્તિ સામે મીઠાઈઓ, કપડાં નહીં મૂકો તો ચાલશે.

ભગવાન આગળ આપણે જે વસ્તુઓ મૂકીએ છીએ એ તો આપણા મનની શાંતિ માટે હોય છે. પણ આપણને તો એવું માની લઈએ છીએ કે આ બધી વસ્તુઓથી ભગવાન પ્રસન્ન થઈ જશે. તમે વિશ્વાસ રાખજો કે એનાથી ભગવાન કદાપિ પ્રસન્ન થતા નથી. તથા જે કાર્ય કરવા છે તેના નિવારણમાં ચોક્કસ મદદ મળી શકે છે. પરંતુ ભગવાનને જ ખુશ રાખવાની બાબતમાં લાગે વળગે છે. ત્યાં સુધી એક જ વાત મહત્ત્વની છે એ આપણને જે અમૂલ્ય માનવ જીવન મળ્યું છે. તેનો આપણે કયાં અને કેવી રીતે ઉપયોગ કર્યો? બસ, આ જ એક પ્રશ્ન છે. આપણને આ જીવન આપવામાં આવ્યું છે, તો વિશ્વાસ રાખજો કે ભગવાને પોતાની અમૂલ્ય સંપત્તિ આપણને સોંપી દીધી છે. ભગવાનના ખજાનામાં આનાથી વધારે મોટી સંપત્તિ બીજી કોઈ નથી.

વડીલો અને મિત્રો તમે થોડુંક વિચારો કે મનુષ્ય જીવનની શ્રેષ્ઠ બીજું શું હોઈ શકે? તમે બીજા પ્રાણીઓ તરફ નજર કરો, તેઓ નિર્વસ્ત્ર ફરે છે. કોઈને ખાવાનું ઠેકાણું નથી, તેઓ ગમે ત્યાં રખડે છે, બોલી શકતા નથી કે લખી શકતા નથી, પરંતુ આપણને તો બધી જ સુવિધાઓથી ભરપૂર જીવન આપવામાં આવ્યું છે. ભગવાન ઈચ્છે છે કે આપણે તેનો સારામાં સારો ઉપયોગ કરી બતાવીએ હવે આપણા મનમાં એક પ્રશ્ન થાય કે સારો ઉપયોગ કઈ રીતે થઈ શકે? તો સાંભળો તેના બે જ સારા ઉપયોગ છે. એક તો પોતાને એવા બનાવો કે જેને સાચા અર્થમાં માણસ કહી શકાય. બીજાઓ સામે આપણે એવા ઉત્તમ ઉદાહરણ રૂપે રજૂ થવું જોઈએ કે આપણે જોઈને બીજા લોકોને દિશા મળે.

ભગવાને આપણને આ વિશ્વરૂપી બગીચામાં આપણને કામ કરવા માટે મોકલ્યા છે. આપણે પણ એક સારા માળીની જેમ કામ કરી બતાવીએ. ભગવાનને સાથીઓની જરૂર છે. એન્જિનીયરોની જરૂર છે. જેથી તેઓ તેમના આટલા મોટા બગીચામાં સુવ્યવસ્થા જાળવવામાં મદદ કરી શકે. એટલા માટે જ તો તેમને આપણને મદદ કરવા માટે પૈદા કરવામાં આવ્યાં છીએ. આપણને જન્મ આપવા પાછળનું કારણ છે કે આપણે શ્રેષ્ઠ જીવન જીવીએ એને ભગવાનના કામમાં મદદ કરીએ. આ માટે આપણે શું કરવું જોઈએ? સામાન્ય રીતે આપણે કામની વાતો ભૂલી જઈએ છીએ. અને નકામી વાતોને યાદ રાખીએ છીએ. આપણે સવારે ઉઠતાં જ પથારીમાં પડ્યે પડ્યે એવું ધ્યાન કરવું જોઈએ કે આજે મારો નવો જન્મ થયો છે. મને એટલી મોટી સંપત્તિ મળી છે કે તેની સરખામણીમાં બીજા કોઈ પ્રાણીઓને એવી ચીજ મળી નથી. તમે પોતાને સૌભાગ્યશાળી માનો. એવો અનુભવ કરો કે મારા જેવા ભાગ્યશાળી માનો. એવા અનુભવ કરો કે મારા જેવો ભાગ્યશાળી બીજો કોઈ નથી. આપણે અભાવ, ચિંતા તથા મુશ્કેલીઓ વિચારીએ છીએ. પરંતુ કયારેય આપણે એવું નથી વિચારતા કે આપણે ખૂબ શક્તિશાળી છીએ. ભગવાને આપણને આટલું મોટું જીવન આપ્યું છે. તેથી આપણે આપણા ભાગ્યની પ્રશંસા કરો. તમે સાથે બીજી પણ એક વાત ધ્યાનમાં રાખો. તમે એવી યોજના બનાવો, જેનાથી આ જીવનનો સારામાં સારી રીતે ઉપયોગ કરી શકાય.


આવું જીવન જીવવા માટે એક પ્રયોગ કરવો જોઈએ. આપણે જયારે સવારે ઉઠીએ છીએ, ત્યારે યાદ રાખવું કે બસ, મારા માટે આ એક જ દિવસનું જીવન છે. અને આજના દિવસને હું વધારેમાં વધારે સારી રીતે જીવીશ. આટલા ક્રમને દૈનિક જીવનમાં જોડી દઈને જો રોજ એ પ્રમાણેનું જીવન જીવવામાં આવે, તો તમારી આખી જિંદગીને સારી બનાવી શકો છો. દરરોજ એક દિવસનો સંકલ્પ કરવાનો અર્થ થાય છે. આખી જિંદગીને સુવ્યવસ્થિત બનાવી દેવી. દરરોજ સવારે ઉઠીને એવું ધ્યાન કરજો કે, 'દરરોજ નવો જન્મ અને દરેક રાત્રે નવું મોત છે.' આ સૂત્રને સવારથી સાંજ સુધી યાદ રાખો. આના માટે એક ટાઈમ ટેબલ બનાવી દો કે તમે આજે શઉં કરશો, કેવી રીતે કરશો અને શા માટે કરશો? તમે જે ક્રિયા કરો છો એની સાથે તમારૂં ચિંતનને જોડી દેજો. જયારે ચિંતન અને ક્રિયાને એકબીજાની સાથે જોડી દેવામાં આવે ત્યારે એક સમગ્ર સ્વરૂપ બની જાય છે. આપણે શરીરથી કામ કરતાં હોઈએ પણ એ કામનો કોઈ ઉદ્દેશ્ય ન હોય એ કામ નકામું સાબિત થાય છે.

વાચક મિત્રો, તેથી સવારે ઉઠતાંની સાથે તમે તમારા જીવનની પ્રશંસા કરો. મનુષ્ય જીવન બદલ ગર્વ અનુભવો અને સવારથી સાંજ સુધીનું એક એવું ટાઈમ ટેબલ બનાવો કે જેને આદર્શવાદી કહી શકાય. તેમાં ભગવાનની પણ ભાગીદારી રાખો. તમારી અને તમારા પરિવારનું પાલનપોષણ કરી શકો. સાથેસાથે તમને પોતાને આત્મસંતોષ થાય અને તમારા ભગવાન પ્રસન્ન થાય એવાં કાર્યો કરો. દરરોજ કંઈક એક સેવાકાર્ય કરો. આપણા જીવનની મહત્ત્વની જે બાબતો છે તેને સૂતા પહેલાં જો યાદ કરો તો બીજી બધી નકામી ઝંઝટોથી તમે બચી શકો. વ્યસ્ત માણસ એક નક્કી લક્ષ્યની પાછળ મંડ્યો રહે છે. આમ પણ કહેવાયું છે કે ખાલી મગજ શૈતાનની દુકાન છે. તેથી તમે એવું વ્યસ્ત ટાઈમ ટેબલ અને કાર્યક્રમ બનાવો અને તેનો અમલ કરો કે જેથી તમારા જીવનમાં કોઈ ખરાબ પ્રવૃતિને પ્રવેશ ન મળે. સતત નિરીક્ષણ કરતા રહો કે સવારે જે આયોજન કર્યું હતું તે પ્રમાણે સારી રીતે કાર્ય થઈ રહ્યું છે કે નહીં. તમારા ટાઈમ ટેબલમાં વિશ્રામનો સમય પણ નક્કી કરો. વિશ્રામનો સમય ચોક્કસ હોવો જોઈએ. સવારે જે રાતે તમે એક દિવસના જીવનનો નિર્ણય કર્યો હતો એ જ રીતે સાંજે તે દિવસની ભૂલો અને સફળતાઓની સમીક્ષા કરીને તમે બીજા દિવસથી તૈયારી કરી શકો છો કે કાલે મારે કેવું જીવન જીવવું છે? જો સૂતી વખતે બીજા દિવસનો નિર્ણય કરી લેશો, તો થોડી મુશ્કેલી પડે. તેથી દરરોજ સૂતી વખતે ઊંઘના અર્થાત્ મૃત્યુના ખોળામાં જતી વખતે એવો વિચાર કરો કે હવે હું આ સંસારમાંથી વિદાય લઈ ભગવાનને ત્યાં જઉં છું. એ સ્થિતિમાં ત્યારે શું કરવું જોઈએ? સંસાર પ્રત્યેનો મોહ ઓછો કરવો જોઈએ.


### આજના દિવસનો મહિમા
- ભાનુપ્રસાદ એસ. દવે

**૧૪મી જાન્યુઆરી**

- વિજ્ઞાન અને વિદ્યાના ક્ષેત્રે જાણીતા આલ્બર્ટ શ્વાઇહઝરનો જર્મનીમાં જન્મ - ૧૮૭૫. શાંતિ માટેનો નોબેલ પારિતોષિક મળ્યું, 'ધી ક્વેસ્ટ ઓફ ધી હિસ્ટોરીકલ જીસસ' શ્રેષ્ઠ ગ્રંથનું સર્જન કર્યું. માનવજાતના પરમોધ્ધારક કહેવાયા.



- ૧૭૮૯ - અમેરિકાના પહેલા પ્રમુખ જયોર્જ વૉશિંગ્ટનની પ્રમુખ તરીકે વરણી.
- ૧૮૯૮ - ખ્યાતનામ અર્થશાસ્ત્રી - રિઝર્વ બેન્કના ગર્વનર સર સી.ડી.દેશમુખનો જન્મ.



- ૧૮૨૦ - પ્રસિધ્ધ કવિ દલપતરામ ડાહ્યાભાઇ ત્ર્યંબકરનો જન્મ.
- ૧૯૧૦ - નવકથાકાર - વાર્તાકાર મોહનભાઇ મહેતા, સોપાનનો મોરબી પાસે ચકમપુરમાં જન્મ.
- ૧૯૩૭ - નરસિંહરાવ દિવેટીયાનું અવસાન.

# ભૂજની વ્રજભાષા પાઠશાળાના અંતિમ આચાર્ય કવિવર શ્રી શંભુદાનજી રત્નુએ પૂ. ધ્યાની સ્વામીશ્રીના સદ્ગુરૂવર્ય પૂ. બાલમુકુંદદાસજી સ્વામીનું અનુભવ્યું ઐશ્વર્ય

### ચિંતન સભા
- પ્રા. સૂર્યકાન્ત ભટ્ટ

ભગવાનને અહર્નિશ ભજતા અને અખંડધારી રહેતા સંતો અને સદ્ગુરૂજનોના ઐશ્વર્યો, સંકલ્પ શક્તિઓ અમાપ હોય છે. જેનો શાસ્ત્રો સાક્ષી પૂરે છે. આ દુર્લભ માનવજીવનમાં સાચા સંતવર્યનો આશ્રય પ્રાપ્ત થવો એતો અતિ દુર્લભ બાબત છે. વડતાલના ૧૮માં વચનામૃતમાં શ્રીજી મહારાજે લખ્યું કે સત્સંગી હોય તેમણે અવશ્ય શીશી વાર્તા જાણવી જોઈએ? તેનો ઉત્તર કરતાં શ્રી હરિએ જણાવ્યું કે એક તો આપણો ઉદ્ધવ સંપ્રદાય છે તેની સત જાણવી જોઈએ તથા બીજી ગુરૂ પરંપરા જાણવી જોઈએ.

સામાન્ય વૈદિક પરંપરા અનુસાર સંતોના નામની પાછળ તેઓના સદગુરૂવર્યનું નામ જોડાય છે. તદનુસાર પૂ.અ.ગુ. ધ્યાની સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજીના ગુરૂવર્ય પૂજ્ય બાલમુકુંદદાસજી સ્વામી અને તેમનાં ધ્યાનના ગુરૂવર્ય ભૂજ મંદિરના મહંત શ્રી શ્રી વલ્લભદાસજી સ્વામી હતા. ભૂજની વ્રજભાષા પાઠશાળા કે જેમાં બ્રહ્માનંદ સ્વામી, કવિવર દલપતરામ આદિ મહાન કવિવરોએ પીંગળ શાસ્ત્ર કાવ્યશાસ્ત્રનું શિક્ષણ મેળવી જગતભરમાં કીર્તિવાન થયા તે પાઠશાળાના છેલ્લા આચાર્ય રાજકવિ શ્રી શંભુદાનજી રત્નુએ પૂ. ધ્યાની સ્વામીજીના સદ્ગુરૂવર્ય પૂ. શ્રી બાલમુકુંદદાસજી સ્વામીજીના અગાધ ઐશ્વર્ય વિશે પોતાના ગ્રંથ 'કચ્છ દર્શન' માં સુંદર વિગતો આપતાં એવું વર્ણવ્યું છે કે, 'શ્રી બાલમુકુન્દ દાસજી સ્વામી મૂળીથી છેલ્લે ભૂજ મંદિરમાં રહેલા. તેઓશ્રી પૂર્વાશ્રમે અમદાવાસ પાસેના આણંદ તાલુકે નળકાંઠાના ગામ કુંડળના વતની જ્ઞાતિએ લોહાણા મહાજન હતા. તેમના પિતાનું નામ નથુભાઈ અને માતાજીનું નામ દેવકીબાઈ હતું. તેમનો જન્મ સંવત ૧૯૪૦ના કારતક સુદ-૧૧ના રોજ થયેલો. સંવત ૧૯૬૩ના કારતક સુદ-૧૧માં અમવાદાદ ગાદીના આચાર્ય મહારાજશ્રી પ.પૂ. શ્રી વાસુદેવ પ્રસાદજીના વરદ હસ્તે સંત દીક્ષા લીધેલી. તેઓ ભૂજ પધાર્યા ત્યારે તેમની વય ૬૧ વર્ષની હતી. ૧૬ વર્ષ સત્સંગની સેવા કરી સંવત ૨૦૧૭ના કારતક વદ-૬ ના રોજ તેઓ ૭૭ વર્ષે સ્વધામ પધાર્યા. સંવત ૨૦૦૧ ના તેઓશ્રી શિષ્ય પૂ. ધ્યાની સ્વામીજી સાથે ભૂજ મંદિરે પધારી હરિભક્તોને સત્સંગીઓને સત્સંગમાં ઓતપ્રોત કર્યા. જૂની પેઢીના થોડાક વયોવૃધ્ધ સંતો અને ભક્તો આજે પણ તેમને ખૂબ યાદ કરે છે.' પૂ. બાલમુકુંદદાસજી સ્વામીના ગુરૂવર્ય સનાતનદાસજી તેમના અ.ગુ. શ્રી હરિકૃષ્ણદાસજી તેમના અ.ગુ. અવદાતાનંદ સ્વામી અને તેઓશ્રીના સદ્ગુરૂ પૂ. બ્રહ્માનંદ સ્વામીશ્રી હતા.

કવિવર શ્રી શંભુદાનજી લખે છે કે, એક વાર હું બાગ ખાતાની નોકરીમાં ઈન્સ્પેક્ટર તરીકે કામ કરતો. તેથી રાજયના તમામ બાગબગીચાની મારે સંભાળ લેવાની હતી થતી. આવો એક પ્રાગસર ગાર્ડન ચાડવા રખાલ મધ્યે સામત્રા ગામની ૩,૪ માઈલનાં અંતરે છે. ત્યાં જવાનું થયેલ. આ બાગ પર શેરડીનો પાક સારો થતાં તેમાંથી ગોળ બનાવવાનો કોન્ટ્રાક્ટ સુખપરના હરિભક્ત કાનજીભાઈને આપેલ. તેમણે ભૂજ મંદિરના ઘણા સંતોને બાગ પર નિમંત્રેલા. બરાબર રોજ દિવસે મારે ત્યાં જવાનું થયું. સૌની સાથે મને સ્વામીશ્રી બાલમુકુંદદાસજીના દર્શન થયા. એ રાત્રે કથા વાર્તા ચાલવા લાગી. મને ચારણ જાણી પ્રભુનું સ્વવન સંભળાવવા પૂ. બાલમુકુંદદાસજીએ આજ્ઞા કરી. મેં બ્રહ્માનંદજી એ રચેલા છંદો સંભળાવ્યા. પિંગળ શાસ્ત્રના આ છંદો પૂ. બાલમુકુંદદાસજી સારી રીતે સમજાવતા રહ્યા. આવા વિરલા આ શાસ્ત્ર સમજનારાઓ કોઈ જ હોય.

રાત્રે બાર થઈ ચૂકયા ત્યાં જ. ભૂજથી બોલાવવા એક માણસ આવ્યો. તેણે કહ્યું આપનો પુત્ર પુષ્પદાન જરા વધારે બિમાર પડી ગયો છે માટે આપને પરિવાર ભૂજ બોલાવે છે. આ સાંભળી હું ચિંતામાં પડી ગયો. મેં પૂ. બાલમુકુંદદાસજી સ્વામીજીને સર્વ હકીકત સંભળાવી. પૂ. સ્વામીશ્રી કહે ભગવાન દયાળું છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)